॥ अथ तुलसी कव[illegible] प्रारंभः ॥

અથ તુલસી કવચ પ્રારંભઃ

છપાવિ પ્રસિદ્ધ કરનાર ભ. સ. મોતીલાલ રણછોડ રેવાશંકર



ગુજરાતિ ટીકા સાથે છી. આ. ૧

સુબોધપ્રકાશ છાપખાના.

ઠે. દ્વારકાધીશ મંદીર વીઠલવાડીને નાકે.

श्रीगणेशायनमः

अस्य श्रीतुलसीस्तोत्रकवच मंत्रस्य श्रीमहादेव ऋषिः अनुष्टुप्छंदः श्रीतुलसी देवताः मनसीप्सित कामना सिध्यर्थे जपे विनियोगः

આ સુંદર તુળસી કવચના સ્તોત્રના મંત્રના ઋષી શ્રીમહાદેવજી છે છંદ અનુષ્ટુપ્ છે દેવતા શ્રી તુળસી છે અને મનમાં ધારેલી કામનાઓની સિદ્ધિ થવા માટે જપ કરાય છે.

ध्यायेच्चतुलसींदेवीं श्यामांकमललोचना ॥ प्रसन्नांपद्म कल्हार वराभय चतुर्भुजां ॥१॥ कीरिटहारकेयूरकुंडला दिविभूषितां ॥ धवलांशुकसंयुक्ता पद्मासननिषेदुषींम्॥२॥

ધ્યાન

કમલ પત્ર સરખાં નેત્રવાળાં પ્રસન્ન થયેલાં સોળવર્ષની ઉમરનાં કમલ કલ્હાર વરદાન અને અભયને ધારણ કરનારાં ચાર હાથવાળાં કીરીટ હાર બાજુબંધ કુંડળ

આદિ આ ભુષણોએ કરી સુશોભિત એવાં અને સફેત વસ્ત્રને ધારણ કરનારાં અને પદ્માસન ઊપર બેઠેલાં એવાં તુળસી દેવીનું ધ્યાન કરવું. પછી નીચે લખેલો શ્લોક ભણિ સ્તુતિ કરી તુળસી જીને નમન કરવું.

या दृष्टा निखिलाघ संघशमनी स्पृष्टावपुः पावनी रोगा-
णामभि वंदिता निरसनी सिक्तांतकत्रासिनी ॥ प्रत्यासत्ति
विधायिनी भगवतः कृष्णस्य संरोपिता न्यस्ता तच्चरणे
विमुक्तिफलदा तस्यै तुलस्यैनमः ॥ १ ॥

કોઈ પ્રાણી તુળસીનાં દરશન કરે તેટલામાં તેનાં સઘળાં પાપને શમાવવા વાળાંને તુળસી દેવીને જો સ્પર્શ કેરે તો તેના શરીરને પવિત્ર કરનારાં અને તુળસીને જો નમસ્કાર કરે તો તેના સઘળાં રોગને દૂર કરનારાં તુળસીના મૂળમાં પાણીને સીંચ-નારના કાળ (મૃત્યુ) ને દુર કરનારાં અને તુળસીજીને વાવનારને શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાપ્તી કરાવનારાં ને એ તુળસીનેજો કોઇ શ્રીકૃષ્ણના ચરણારવીંદમાં અર્પણ કરે તો તેને મુક્તી (મોક્ષ) ને આપનારાં એવાં તુળસી દેવીને હું નમન કરૂં છું.

श्रीतुलसीकवच प्रारंभः

तुलसि श्रीमहादेवि नमः पंकजधारिणि ॥ शिरोमे तु-
लसी पातु भालंपातु यशस्विनी ॥ १ ॥

હે કમળને ધારણુ કરનારિ શોભાવાળી મહાદેવી તુળસિ હું તમને નમન કરું છું માટે તમારી તુળસી રૂપ મૂર્તિ મારા મસ્તકની રક્ષા કરો યશસ્વી એવાં તુળસી મારા કપાળની રક્ષા કરો.

दृशौमे पद्मनयना श्रीसखी श्रवणे मम ॥ घ्राणंपातु सु-
गंधा मे मुखं च सुमुखी मम ॥ २ ॥

કમળ સરખા નેત્રવાળાં તુળસી મારી દૃષ્ટિને શ્રી સખી એવાં તુળસી મારા કાનને સુગંધ યુક્ત એવાં તુળસી મારા ઘ્રાણેંદ્રીયને (નાસિકાને) સુંદર મુખવાળાં એવાં તુળસી મારા મુખને રક્ષણ કરો.

जिव्हां मे पातु शुभदा कंठं विद्यामयी मम ॥ स्कंधौ
कल्हारिणी पातु भुजौ मे पापहारिणी ॥ ३ ॥

કલ્યાણને આપનાર એવાં તુળસિ મારી જીભની વિદ્યામય એવાં તુલસી મારા કંઠની કલ્હારને ધારણ કરનારાં એવાં તુળસી મારા બે ખભાની અને પાપને નાશ કરનારાં એવાં તુળસી મારા બે હાથનું રક્ષણ કરો.

करौ पद्मकरा पातु हृदयं विष्णुवल्लभा पुण्यदा मे पातु मध्यं नाभिं सौभाग्य दायिनी॥ कटिं कुंडलिनी पातु ऊरू नारद वन्दिता ॥ ४ ॥

હાથમાં કમળને ધારણ કરનારાં એવાં તુગરસી મારા બે હાથનું (પંજાનું) પાલન કરો અને વિષ્ણુનાં પ્રિયા એવાં તુલસી મારા હૃદયની રક્ષા કરો પુણ્યને આપનારાં તુલસી મધ્યભાગની સાૈભાગ્યને આપનારાં તુલસી નાભિની કુંડલને ધારણ કરનારાં તુલસી કેડની. અને નારદે વંદન કરેલાં તુલસી મારા બેસાથળની રક્ષા કરો.

जननी जानुनी पातु जंघे सकल वन्दिता ॥ नारायण प्रिया पादौ सर्वाङ्गं सर्वे रक्षिणी ॥ ५ ॥

માતા એવાં તુલસી બે ઘુંટણની સર્વે વંદન કરેલાં તુલસી બે જંઘાની નારાયણની પ્રિયા એવાં તુલસી બે પગની અને સર્વની રક્ષા કરનાર એવાં તુલસી મારા સર્વ અંગોની રક્ષા, કરો.

संकटे विषमे दुर्गे भये वादे महाहवे ॥ नित्यंहि सन्ध्ययोः पातु तुलसी सर्वतः सदा ॥ ६ ॥

નિરંતર સંકટમા વિષમ ઠેકાણે દુઃખમાં ભયમાં વાદમાં મોટાં યુદ્ધમાં, બે સંધ્યા વખતે અને સર્વ ઠેકાણે તુલસી રક્ષા કરો.

इतीदं परमं गुह्यं तुलस्याः कवचामृतं ॥ मर्त्या
नाममृतार्थाय भीताना मभयाय च ॥ ७ ॥
मोक्षायच मुमुक्षूणां श्रीकामानां श्रियैतथा ॥ विजया-
य जिगीषूणां ध्यायिनां ध्यानयोगकृत् ॥ ८ ॥
वशाय वश्यकामानां विद्यायैवेद वादिनां ॥ द्रविणाय
दरिद्राणां पापिना पापशान्तये ॥ ९ ॥ उदराय क्षुधितानां
च स्वर्गाय स्वर्गमिच्छतां ॥ पशव्यं पशुकामनां पुत्रदं
पुत्रकांक्षिणां ॥ १० ॥ राज्याय भ्रष्टराज्याना मशान्ता-
ना च शान्तये ॥ भक्त्यर्थं विष्णुभक्तानां विष्णोः स-
र्वान्तरात्मनः ॥ ११ ॥ जप्यं त्रिवर्ग सिध्यर्थं गृहस्थेन
विशेषतः ॥ उद्यन्तं चन्डकिरण मुपस्थाय कृतांऽजलिः
॥ १२ ॥ तुलसी कानने तिष्ठन्नासीनोवा जपेदिदं ॥
सर्वान्कामानवाप्नोति तथैवमम सन्निधौ ॥ १३ ॥

આ પ્રમાણે વિશેષે કરી ગૃહસ્થે પરમ ગુહ્ય, આ, તુળસી કવચ રૂપ અમૃતનો મનુષ્યોના મોક્ષ અર્થે ભય પામેલાના અભય માટે મુક્તિના ઇચ્છનારાઓની મુક્તિ માટે લક્ષ્મીની કામનાવાળાઓની લક્ષ્મી સારૂ જય ઇચ્છનારાઓના જય માટે ધ્યાન કરનારાઓના ધ્યાન યોગ માટે વશ કરવાની ઇછા કરવાવાળાઓને વશ થવા માટે વેદ જાણનારાઓને વિદ્યા માટે દરિદ્રોને દ્રવ્ય માટે પાપીઓને પાપની શાંતિ થવા ક્ષુધાવાળાઓને અન્ન માટે સ્વર્ગને ઇચ્છનારાઓને સ્વર્ગ સારૂ પશુને ઇચ્છનારાઓને પશુ સારૂ પુત્રને ઇચ્છનારાઓને પુત્ર સારૂ રાજ્યથી ભ્રષ્ટ થએલાઓને રાજ્ય મળવા માટે અશાંત પુરૂષોને શાંતિ માટે વિષ્ણુના ભક્તોને સર્વેના અંતરાત્મા રૂપ વિષ્ણુની ભક્તિ અર્થે અને ધર્મ અર્થ અને કામની સિદ્ધી સારૂ જપ કરવો અથવા ઉદય પામતા સૂર્ય પ્રત્યે બે હાથ જોડી સ્તુતિ કરી મારિ સમિપ તુળસિના વનમાં ઉભેલો કે બેઠેલો માણસ જો આ તુળસી કવચનો જપ કરે તો સર્વ મનોરથોને પામે (મતલબ કે તેની ઇચ્છાઓ પૂર્ણ થાય છે.)

ममप्रियकरं नित्यं हरिभक्ति विवर्धनं यास्यान्‍तप्रजानारी तस्या अंगंप्रमार्जयेत् ॥ १४ ॥ सापुत्रं लभते दीर्घं जीविनं चाप्यरोगिणं ॥ वंध्याया मार्जयेदङ्गं कुशै-

मन्त्रैण साधकः ॥१५॥ सापि संवत्सरा देव गर्भंधत्ते म-
नोहरं॥अश्वत्थे राजवश्यार्थी जपेदग्नेः सुरूपभाक्॥१६॥

વળી આ કવચ મારી પ્રીતિને કરનાર અને સદાકાલ હરિની ભક્તિને વધારનરૂ છે. આ સ્તોત્રથી જેની પ્રજા મરણ પામતિ હોય તેની સ્ત્રીના અંગને જો માર્જન કરે તો તે સ્ત્રી નીરોગી અને ઘણા કાલ જીવનારા પુત્રને પામે તેમજ સાધક પુરૂષ મંત્રવડે દર્ભોથી વાંઝણી સ્ત્રીના અંગનું માર્જન કરે તો તો તે સ્ત્રી પણ એક વર્ષમાં જરૂર મનોહર ગર્ભને ધારણ કરે (પુત્ર પ્રસવે) રાજાને વશ કરવાની ઇચ્છાવાળો પુરુષ જો પીપલાના વૃક્ષપાસે આનો જપ કરે તો તે અગ્નિની સમાન સુંદર કાંતિવાળો થાય ॥ ૧૪ ॥ ૧૫ ॥ ૧૬ ॥

पलाश मूले विद्यार्थी तेजोर्थ्येऽभिमुखे रवेः कन्यार्थी
चण्डिकागेहे शत्रुहत्यै गृहे मम ॥ १७ ॥

વિદ્યાની ઈચ્છા વાળા માણસે ખાખરાના ઝાડનાં મૂલ પાસે બેસી આ તુલસી કવચનો જપ કરવો તેજ પામવાની ઇચ્છા વાળા એ સૂર્યની સન્મુખ જપ કરવો કન્યાની ઇચ્છા વાલાએ ચંડાદેવીના મંદિરમાં બેસી જપ કરવો અને શત્રુનો નાશ કરવો હોય તો મારા મંદિરમાં. (મહાદેવના દેવલમાં) જપ કરવો. ॥ ૧૭ ॥

श्रीकामो विष्णुगेहे च उद्याने स्त्रीवशाभवेत् ॥ कि-
मत्र बहुनोक्तेन श्रृणु सैन्येश तत्वतः ॥ १८ ॥

હે કાર્તિક સ્વામિ લક્ષ્મી પામવાની ઈચ્છા વાળા માણસે વિષ્ણુનાં મંદિરમાં જપ કરવો અને સ્ત્રીને વશ કરનારાએ બગીચામાં જપ કરવો એટલે સ્ત્રી વશ થાય. ઇત્યાદિ ઘણું કહેવાથી શું ! વધારે છે. પણ તત્વથી સાંભળો કે. ॥ ૧૮ ॥

यंयंकाम मभिध्यायेत्तंतं प्राप्नोत्य संशयम् ममगेहगत
स्त्वंतु तारकस्य वधेच्छया ॥ १९ ॥
जपस्तोत्रं च कवचं तुलसीगतमानसः ॥ मण्डला
त्तारकं हन्ता भविष्यसि नसंशयः ॥ २० ॥

મહાદેવજી કહેછે મનુષ્ય આ કવચથી જે જે કામના પામવા ધારે છે તે તે જરૂર પામે છે માટે હે કાર્તિક સ્વામિ તમે પણ તારકાસુરને હણવાની ઇચ્છાથી મારાં મંદિરમાં બેશી તુળસીમાં મન રાખી આ સ્તોત્ર અને કવચનો જપ (વારંવાર પાઠ) કરો તેથી શત્રુઓના મંડલ માંથી તારકાસુરને મારનાર થશો એમાં સંશય નથી. ॥ ૧૯ ॥ ૨૦ ॥

इतिश्री ब्रह्मांड पुराणे तुलसी कवचं नाम नवमोध्यायः ॥ ९ ॥

આ પ્રમાણે બ્રહ્માંડ પુરાણમાં નવમા અધ્યાયમાં તુલસીકવચ થયું. ॥ ૧ ॥

अथ तुलसीस्तोत्र प्रारंभः

जगद्धात्रि नमस्तुभ्यं विष्णोश्च प्रियवल्लभे ॥ येच
ब्रह्मादयो देवाः सृष्टिस्थित्यन्त कारिणः ॥ १ ॥

હવે તુળસી સ્તોત્રનો આરંભ થાય છે.

હે જગત્‌ની માતા અને હે વિષ્ણુનાં પ્રિય સ્ત્રી તમને તથા જેઓ ઉત્પત્તિ સ્થિતિ ને લય કરનાર બ્રહ્મા વગેરે દેવા છે તેઓને હું નમું છું. ॥ ૧ ॥

नमस्तुलसि कल्याणि नमो विष्णु प्रियेशुभे ॥ नमोमो
क्षप्रदे देवि नमः सम्पत्प्रदायके ॥ २ ॥

હે કલ્યાણ કરનારાં તુલસિ હે વિષ્ણુનાં પ્રિયા શુભ એવાં તુલસિ હે મોક્ષને આપનારાં દેવિ હે સંપત્તિને આપનારાં તુળસીહું તમને નમન કરૂં છું. ॥ ૩ ॥

तुलसी पातुमां नित्यं सर्वापद्भ्योपि सर्वदा ॥ कीर्ति
तापि स्मृतावापि पवित्रयति मानवं ॥ ३ ॥

जे सदा कीर्तन करवाथीअने संभारवाथी पण मनुष्यने पवित्र करे छे ते तुलसी निरंतर सर्व आपत्तियोथी पण मारी रक्षा करो. ॥ ३ ॥

नमामि शिरसादेवीं तुलसीं विलसत्तनुं ॥ यांदृष्ट्वा पापिनो मर्त्त्या मुच्यन्ते सर्व किल्बिषात् ॥ ४ ॥

જે તુલસીનું દર્શન કરવાથી પાપિ મનુષ્યો સર્વ પાપથી મુક્ત થાય છે તે, શોભિત શરીર વાળાં તુલસી દેવીને હું મસ્તક વડે નમું છું. ॥ ૪ ॥

तुलस्यारक्षितं सर्वं जगदेतच्चराचरं ॥ याया निघ्नन्ति पापानि दृष्टया पापिनो नरः ॥ ५ ॥

જે તુલસીનું દર્શન કરવાથી પાપિ પુરૂષો પણ પાપને હણે છે તે તુલસીથી આ સર્વ ચરાચર (સ્થાવર જંગમ) જગત્ની રક્ષા થાય છે. ॥ ૫ ॥

नमस्तुलस्यै[illegible]तरायस्यैबध्वाबलिं[illegible] ॥ कलयन्ति सुखं सर्वं स्त्रियो वैश्या स्तथापरे ॥ ६ ॥

હે તુલસિ કલિયુગમાં જેને બલિ આપવાથી સ્ત્રિયો વૈશ્યો તથા બીજાઓ (શૂદ્રો) સર્વ સુખ પામે છે તે, તમોને અત્યંત નમસ્કાર છે. ॥ ૬ ॥

तुलस्या नापरं किंचिद्दैवतं जगतीतले ॥ यथा पवित्रि
तो लोको विष्णु संगेन वैष्णवाः ॥ ७ ॥

હે વૈષ્ણવો જેણે વિષ્ણુના સંગવડે લોકને પવિત્ર કરેલો છે તે તુળસીથી જગત્‌માં બીજુ કશું દૈવત નથી. ॥ ७ ॥

तुलस्याः पल्लवं विष्णोः शिरस्यारोपितंकलौ ॥ आरोपयति
सर्वाणि श्रेयांसि नरमस्तके ॥ ८ ॥

જો કલિયુગમાં તુળસીપત્ર વિષ્ણુના મસ્તક ઊપર આરોપવામાં (રાખવામાં) આવે છે તો તે મનુષ્યના મસ્તક વિષે સર્વ કલ્યાણ અને સુખોને પ્રાપ્ત કરે છે. ॥ ८ ॥

तुलस्यां सकला देवा वसन्ति सततंयतः ॥ अतस्ताम-
र्चेय ल्लोके सर्वान् देवान् समर्चयत् ॥ ९ ॥

જે કારણથી સર્વ દેવતાઓ નિરંતર તુળસામાં રહે છે માટે લોકમાં તેનું અર્ચન (પૂજન) કરવાથી સર્વ દેવતાઓનું અર્ચન (પૂજન) થાય છે. ॥ ૯)

नमस्तुभ्यसि सर्वज्ञे पुरुषोत्तमवल्लभे ॥ पाहिमा सर्व पापेभ्यः सर्व संपत् प्रदायके ॥ १० ॥

હે સર્વ સંપત્તિયોને આપનાર સર્વ જાણનાર અને પુરૂષોત્તમ એવાં વિષ્ણુનાં પ્રિયા તુળસી તમને નમું છું. માટે સર્વ પાપોથી મારી રક્ષા કરો. ॥૧૦॥

इतिस्तोत्रं पुरागीतं पुंडरीकेण धीमता ॥ विष्णुमचर्यता नित्यं शोभनैस्तुलसीदलैः ॥ ११ ॥

પૂર્વે સુંદર ને કલ્યાણકારિ તુલસી દલોથી (પત્રોથી) નિરંતર વિષ્ણુનું અર્ચન કરનારા પુંડરીકે આ પ્રમાણે સ્તુતિ કરેલિ છે. ॥ ૧૧ ॥

तुलसी श्रीमहालक्ष्मी विंद्याऽविद्या यशस्विनी ॥ धर्म्या धर्मानना देवी देव देव मनः प्रिया ॥ १२ ॥

लक्ष्मी प्रिय सखि देवी द्यौर्भूमि रचलाचला ॥ षोडशैतानि नामानि तुलस्याः कीर्तयेन्नरः ॥ लभते सुतरां भक्तिमन्ते विष्णुपदं भवेत् ॥ १३ ॥

જે મનુષ્ય તુલસી, શ્રી, મહાલક્ષ્મી, વિદ્યા, અવિદ્યા, યશવાળાં, ધર્મવાળાં, ધર્મ-યુક્ત મુખવાળાં, દેવી, દેવોના દેવ વિષ્ણુના પ્રિયા, લક્ષ્મીનાં પ્રિયસખી. દેવી (સમર્થ) આકાશરૂપ પૃથ્વીરૂપ, અચલા અને ચલા, આ, તુળસીનાં સોળ નામોનું કીર્તન કરે છે તે અત્યંત, વિષ્ણુની ભક્તિ પામે છે અને છેવટ તેને વિષ્ણુનું સ્થાન પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥ ૧૩ ॥

इति पुंडरीककृतं तुलसीस्तोत्रं सम्पूर्णम् ॥

આ પ્રમાણે પુંડરીકે કરેલું તુલસીનું સ્તોત્ર સંપૂર્ણ થયું

अथ तुलसी महामंत्रः

तुलसि श्रीसखी शुभे पापहारिणि पुण्यदे ॥ नमस्ते नारदनुते नारायणमनः प्रिये ॥ १ ॥

હે લક્ષ્મીનાં સખિ, હે શુભરૂપ, હે પાપને હરનારાં, હે કલ્યાણને આપનારાં હે નારદે સ્તુતિ કરેલાં અને હે નારાયણનાં મનને પ્રિય એવાં તુલસિ હું તમને નમન કરું છું. ॥ ૧ ॥

એ મંત્રનો વારંવાર જપ કરવાથી કાર્યની ઝટ સીધી થાય છે વળી આ જન્મમાં તરત ફલ આપનારો એ મંત્ર છે ને કોઇને વશ કરવા હોય જીતવો હોય ગાંડો બનાવવો હોય ઇત્યાદી સર્વ કાર્ય એ મંત્ર કરે છે એ મંત્ર જપવાથી તુળસી ઘણાં પ્રસન્ન થાય છે.

સૂચના.

વૈષ્ણવોને ઉપયોગી સંસ્કૃત.

શુદ્ધાદ્વૈતમાર્તંડનું ગુજરાતિ ભાષાંતર કી. આના ૩

સંસ્કૃત શબ્દ ત્રીવેણીકા એમાં વિષયો શબ્દ વ્યક્તિ શબ્દ ભક્તિ અને શબ્દ શક્તિ છે

ને આશાધર ભટ્ટની કરેલી છે કી. આના ૫

તુળસી કવચ તથા તુળસી સ્તોત્ર કી. આ. ૧

શ્રાવણ માસના શનવારની કથા ગુજરાતિમાં કી. આનો અરધો

શ્રાવણ માસના સોમવારની કથા ગુજરાતીમાં કી. આનો અરધો.

શ્રાવણમાસ માહાત્મ્યનું ગુજરાતી ભાષાંતર કી. અગાઊથી આ. ૧૦ પાછલથી રૂ. ૧

એ વિષે પત્રવ્યવહાર નિચે લખેલે નામે કરવો.

ડાકટર બાપુલાલ તુળજાશંકર ઠેકાણું વચલો ભોઇવાડો રામમંદીર ઉપર. મુંબઇ.

इति तुलसी स्तोत्र कवचं समाप्तम्